5 પોથી પંડિત

અભ્યાસ

સ્વાધ્યાય

મૌખિક

૧. વીરુ અને શેરુ કેવા મિત્રો હતા ?

વીરુ અને શેરુ લંગોટિયા મિત્રો હતા.

૨. વીરુ ભણવા માટે ક્યાં ગયો ?

વીરુ શહેરમાં ભણવા ગયો હતો.

૩. શેરુના પિતા શું કરતા હતા ?

શેરુના પિતા નાવિક હતા.

લિખિત

૧. ૧. વીરુના પિતાએ શેરુને બોલાવીને શું કહ્યું ?

વીરુના પિતાએ શેરુને બોલાવીને કહ્યું કે, "આવતી કાલે તારો મિત્ર ભણીને પાછો આવે છે તો તું સામા કિનારેથી તેને નાવમાં બેસાડીને લઈ આવજે."

૨. વીરુ મિત્રતા કેમ ભૂલી ગયો ? તેણે શેરુને શું કહ્યું ?

વીરુને પોતાના ભણતરનું અભિમાન હતું તેથી તે મિત્રતા ભૂલી ગયો અને કહ્યું કે, "તું એવો જ રહી ગયો હું હોશિયાર બની ગયો."

૩. નાવમાં પાણી ભરાતા શેરુએ વીરુને શું કહ્યું ?

નાવમાં પાણી ભરાતાં શેરુએ વીરુને કહ્યું કે, "તારી પેટીમાં કોઈ મજબૂત વસ્તુ હોય તો આપ, તેનાથી આપણે નાવનું કાણું પૂરી દઈએ."

૪. વીરુને શેનું અભિમાન હતું ?

વીરુને પોતે કેટલું બધું ભણ્યો છે, પોતાને કેટલુ બધું આવડે છે તેનું અભિમાન હતું.

૫. શેરુ પોતાની જાતને બચાવી શક્યો ? કેમ ?

શેરુને તરતા આવડતું હતું તેથી તે તરતા તરતા બહાર નીકળી ગયો અને પોતાની જાતને બચાવી

૨. નીચેના વિધાનો સાચાં છે કે ખોટાં તે જણાવો.

૧. વીરુના પિતા એક નાવિક હતા. ✗

૨. વીરુ અને શેરુ બંને શહેરમાં ભણવા ગયા. ✗

૩. શેરુ નાવિક બન્યો અને વીરુ મોટો માણસ. ✓

૪. શેરુ નદીમાં ડૂબી ગયો. ✗

૫. વીરુ તરીને બહાર નીકળી ગયો. ✗

મૂલ્યવર્ધક પ્રશ્ન

૧. મારો એક મિત્ર મુંબઈ જવાનો હતો તેથી તેને ટ્રેનની ટિકિટ લેવી હતી તે રેલ્વે સ્ટેશન ગયો અને બારી પાસે જઈ ટિકિટ માંગી. તેને ટિકિટ મળી પણ તેમાં બેઠક નંબર ન હતો. તેથી એણે પૂછ્યું ત્યારે ખબર પડી કે બેઠક નંબર સાથે ટિકિટ લેવા માટે રિઝર્વેશનવાળી ટિકિટ બુક કરાવવી પડે.

૨. મને વીરુ અને શેરુમાંથી કોઈ પણ ગમ્યું નથી. કેમ કે વીરુને પોતાના ભણતરનું અભિમાન હતું અને શેરુ મિત્રને મરવા માટે છોડીને પોતે એકલો ચાલ્યો ગયો.

ભાષાજ્ઞાન

૧. નીચે આપેલા શબ્દોના સમાન અર્થવાળા શબ્દો આપેલા ચોરસમાંથી શોધીને લખો.

૧) નદી – સરિતા

૨) શહેર – નગર

૩) મિત્ર – દોસ્ત

૪) અભિમાન – અહંકાર

૫) પુસ્તક – ચોપડી

૬) પિતા – જનક

૭) હોશિયાર – ચતુર

૮) કિનારો – ધાર

૯) નાવ – હોડી

૧૦) કીમતી – અમૂલ્ય

વિશેષ પ્રશ્નો :

૨. બહુવચન આપો.

શહેર	– શહેરો	કિનારો	– કિનારીઓ
નદી	– નદીઓ	કાણું	– કાણાં
પુસ્તક	– પુસ્તકો	પેટી	– પેટીઓ
વરસ	– વરસો		

૩. નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્યો બનાવો.

૧. વીરુએ પોતાના જ્ઞાનનું **અભિમાન** હતું.

૨. ગણતર વિના **ભણતર** નકામું.

૩. શેરુ એ **કીમતી** વસ્ત્રો પહેર્યા હતા.

૪. જે નાવ ચલાવે તેને **નાવિક** કહેવાય.

૫. શેરુનું શરીર **મજબુત** હતું.

૬. શરુ અને વીરુની **મિત્રતા** પાકી હતી.

૪. નીચે આપેલાં વાક્યો વાંચો અને લીટી દોરેલાં શબ્દો એ શું સૂચવે છે ? તે જણાવો.

૧) અભિમાન – ભાવવાચક સંજ્ઞા

૨) મિત્રતા – ભાવવાચક સંજ્ઞા

૩) હોશિયારી – ભાવવાચક સંજ્ઞા

૪) મૂર્ખતા – ભાવવાચક સંજ્ઞા

૫. નીચે આપેલા વાક્યોમાંથી ભાવવાચક સંજ્ઞા શોધો.

૧) શાંતિ – ભાવવાચક

૨) ઉત્સાહ – ભાવવાચક

૩) આનંદ – ભાવવાચક

૪) ખુશી – ભાવવાચક

૫) સંતોષ – ભાવવાચક

6 મહારાણા પ્રતાપ અને ચેતક

અભ્યાસ

સ્વાધ્યાય

મૌખિક

૧. **મહારાણા પ્રતાપના ભાઈનું નામ શું હતું ?**

મહારાણા પ્રતાપના ભાઈનું નામ શક્તિસિંહ હતું.

૨. **ચેતક ઘોડા સાથે બીજા બે ઘોડા હતા, તેમના નામ જણાવો.**

ચેતક સાથે ત્રાટક અને અટક એમ બે ઘોડા હતા.

૩. **ચેતક ઘોડો રાણાજી ના માટે ખાસ કેવી રીતે બન્યો હતો ?**

ચેતક ઘોડો અતિ બુદ્ધિશાળી અને તાજગીભર્યો હતો માટે તે રાણાજીનો ખાસ બની ગયો હતો.

લિખિત

૧. **નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં જવાબ લખો.**

૧. **મહારાણા પ્રતાપ ને ચેતક ઘોડો કેમ પસંદ હતો ?**

કારણ કે ચેતક ઘોડો મહાપરાક્રમી, ઊંચી છલાંગ મારનાર અને ખૂબ ઝડપી હતો માટે મહારાણા પ્રતાપ ને ચેતક ઘોડો પસંદ હતો.

૨. **રાણાજીને આ ઘોડો કયા રાજ્યમાંથી પ્રાપ્ત થયેલો હતો ?**

રાણાજીને આ ઘોડો ગુજરાત રાજ્યમાંથી જ પ્રાપ્ત થયેલો હતો

૩. **ચેતક ઘોડો એક સાથે કેટલા કિલોગ્રામ વજન ઉઠાવી શકતો હતો ?**

ચેતક ઘોડો એક સાથે ૩૧૮ કિલોનું વજન ઊઠાવી શકતો હતો.

૪. **પ્રથમ વખત રાજાએ ચેતકને ક્યાં નિહાળ્યો ?**

પ્રથન વખત રાજાએ ચેતકને પોતાના મહેલમાં એક વેપારી પાસે નિહાળ્યો હતો.

૫. ચેતકને કુલ કેટલા ભાઈ હતા ? તેમના નામ જણાવો.

ચેતકને કુલ ત્રણ ભાઈ હતા. તેમના નામ ત્રાટક અને અટક હતા.

૬. મહારાણા પ્રતાપે ચેતકને પોતાની સાથે કઈ ઘાટી પર છેલ્લે સુધી રાખ્યો હતો ?

મહારાણા પ્રતાપે ચેતકને હલ્દીઘાટી પર છેવટ સુધી રાખ્યો હતો

૭. આખરે ચેતકે ઘાયલ થઈને કોનું પુનઃમિલન કરાવ્યું ?

આખરે ચેતકે ઘાયલ થઈને બે સગા થઈને બે સગા ભાઈઓનુ પુનઃમિલન કરાવ્યુ.

૮. આખરી સમય સુધી ચેતકે કઈ રીતે મહારાણાને આબાદ બચાયા ?

આખરી સમયે ચેતક મહારાણા પ્રતાપને દુશ્મનોથી બચાવતા હલ્દીઘાટી કૂદીને પાર કરીને સુરક્ષિત સ્થાન પર લઈ ગયો હતો.

૨. સાચા ઉત્તર સામે ✓ કરો.

૧. બે પહાડ વચ્ચેના અંતર નું સ્થળ કઈ જગ્યા પર આવેલું છે ?

☐ શ્યામઘાટ ☐ રામઘાટ

☑ હલ્દીઘાટી ☐ કૃષ્ણઘાટી

૨. મહારાણા પ્રતાપના ઘોડાનું નામ શું હતું ?

☐ ત્રાટક ☐ અટક

☐ છટક ☑ ચેતક

૩. મહારાણાનો કઈ ભાષા માં સંદેશો સંભળાયો ?

☑ નીલા ઘોડા રા અસવાર ☐ કાલા ઘોડા પે અસવાર

☐ રાતા ઘોડા મે અસવાર ☐ શ્યામ ઘોડા રા અસવાર

૪. લંગડા માટે આપણે કયો શબ્દ કહીએ છીએ ?

☐ વાયડું ☑ ખોડીલું

☐ ચાપલું ☐ બોલડુ

ભાષાજ્ઞાન

૧. સમાનાર્થી શબ્દો લખો.

અશ્વ	-	ઘોડો	પ્રસિદ્ધિ	-	ખ્યાતિ
સત્ય	-	સાચું	કાન	-	કર્ણ
અવાજ	-	ધ્વનિ	સગા	-	પોતાના, પોતિકાં

૨. વિરોધી શબ્દો લખો.

હાજર	×	ગેરહાજર	ઓછું	×	વધારે
વિરહ	×	મિલન	નજીક	×	દૂર
સફળ	×	અસફળ	ભાઈ	×	બહેન

૩. નરમાંથી નારી જાતિ માં શબ્દ બનાવો.

વૃધ્ધ – વૃધ્ધા

શેઠ – શેઠાણી

વાઘ - વાઘણ

ઘોડો - ઘોડી

વાણીયો – વાણિયણ

7 ભારતમાતાના બાળકો...

અભ્યાસ

સ્વાધ્યાય

મૌખિક

૧. ભારતમાતાને કોણ વધારે વહાલું છે ?

ભારતમાતા ને તેમના સંતાનો વધુ વહાલા છે

૨. આપણા ભારતની ભૂમિ પર કયા યોધ્ધાઓ એ બલિદાન આપ્યું ?

આપણી ભારતભૂમિ માટે વીર શિવાજી, વીર ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ, ગાંધીજી વગેરે સેનાનીનીઓએ કુરબાની આપી છે.

૩. કોણ દેવપ્રકાશ કહેવાય ?

વિનોબાજી દેવપ્રકાશ કહેવાયા

૪. કોના કપાળે તિલક થવાની વાત છે ?

ગોપાલકૃષ્ણ ગોખલે અને ગાંધીજીને કપાળે તિલક લગાવવાની વાત કરવામાં આવી છે.

૫. કવિતામાં કોને શૂરવીર કહ્યા છે ?

કવિતામાં શિવાજીને શૂરવીર કહ્યા છે.

લિખિત

૧. **૧. ભારતની ભૂમિ પર કયા-કયા સ્વાતંત્ર્ય સેનાનીઓએ કુરબાની આપી છે ?**

ભારતની ભૂમિ પર વીર શિવાજી, મહારાણા પ્રતાપ, ભગતસિંહ, ચંદ્રશેખર આઝાદ વગેરે સેનાનીઓએ બલિદાન આપ્યા છે.

૨. આ કવિતામાં કવિયત્રી એ આપણને કોના જેવા શૂરવીર થવાનું કહ્યું છે ?

આ કવિતામાં કવિયત્રી એ આપણને મહારાણાપ્રતાપ, સુભાષચંદ્ર બોઝ અને શિવાજી જેવા શૂરવીર થવાનું કહયું છે.

૩. વેદગીતાના ગ્રંથો જે લખાયા તેમાંના કોઈપણ બે ગ્રંથ ના નામ લખો.

વેદગીતાના લખાયેલા ગ્રંથો મહાભારત અને રામાયણ છે

૪. આપણે સહુ કોના બાળકો છીએ ?

આપણે સહુ ભારતમાતા ના બાળકો છીએ.

૧. સાચા જવાબ પર ✓ નિશાની કરો.

૧. અમે ભારતમાતાના............ રે

☑ બાળકો　　☐ માતા

☐ પિતા　　☐ દાદા

૨. આપણા ધાર્મિક ગ્રંથ કયા છે ?

☑ રામાયણ　　☐ માનવીની ભવાઈ

☐ મેઘદૂત　　☐ સાત પગલાં આકાશમાં

૩. આ કવિતામાં કોની ભોમકા જણાવી છે ?

☐ પક્ષીઓની　　☐ પ્રાણીઓની

☑ રામકૃષ્ણ　　☐ અસુરોની

૪. આપણે આપણી ભૂમિને શત... શત... વંદન કરવા જોઈએ :- આ વાક્ય માં શું આવી શકે ?

☑ ખરું　　☐ ખોટું

ભાષાજ્ઞાન

૧. સમાનાર્થી શબ્દો લખો.

હિમાલય	–	ગિરિ, પર્વત	નદી	–	સરિતા
પ્રકાશ	–	અજવાળું	માથુ	–	મસ્તક
ગોદ	–	ખોળો	વંદન	–	નમસ્કાર

૨. વિરોધી શબ્દો લખો.

પર્વત	×	નદી	જન્મ	×	મરણ
સ્વતંત્ર	×	પરતંત્ર	લખવું	×	વાચવું

8 તરણેતરનો મેળો

અભ્યાસ

સ્વાધ્યાય

મૌખિક

૧. **તરણેતરનો મેળો ક્યાં યોજાય છે ?**

તરણેતરનો મેળો સુરેન્દ્રનગર જિલ્લાના થાન પાસે આવેલા નાના ગામ તરણેતરમાં આવેલા ભગવાન શિવના મંદિર ત્રિનેત્રેશ્વર પાસે યોજાય છે.

૨. **તરણેતરનો મેળો ક્યારે યોજાય છે ?**

તરણેતરનો મેળો ભાદરવા સુદ ચોથથી ત્રણ દિવસ માટે યોજાય છે.

૩. **ઋષિ-મુનિઓ કેમ આ મેળામાં આવે છે ?**

ભાદરવા સુદ પાંચમના દિવસે ઋષિ મુનિઓ તરણેતરમાં ગંગાસ્નાન કરવા આવે છે.

લિખિત

૧. ૧. **તરણેતરના મેળા વિશે મહાભારતકાળની માન્યતા શું છે ?**

એક માન્યતા પ્રમાણે મહાભારતકાળમાં દ્રૌપદી સ્વયંવર તરણેતરમાં યોજાયો હતો.

૨. **આ મેળામાં કઈ કઈ સ્પર્ધાઓ જોવા મળે છે ?**

તરણેતરના મેળામાં શ્રેષ્ઠ વેશભૂષા, શ્રેષ્ઠ ગરબા, પાવો વગાડવો, શ્રેષ્ઠ બળદ ગાડા, શ્રેષ્ઠ પશુઓ તથા સરકાર દ્વારા રૂરલ ઑલમ્પિકનું આયોજન થાય છે.

૩. **સરકાર દ્વારા અહીં શેનું આયોજન કરવામાં આવે છે ?**

સરકાર દ્વારા તરણેતરના મેળામાં રૂરલ ઑલમ્પિકનું આયોજન કરવામાં આવે છે.

૪. **સાધુસંતો અને ભજનમંડળીઓ અહીં શું કરે છે ?**

તરણેતરના મેળામાં સાધુ સંતો અને ભજન મંડળીઓ ભક્તિમય ભજનો અને દુહાની રમઝટ બોલાવે છે.

૨. **સાચો ઉત્તર શોધીને ✓ નું નિશાન કરો.**

૧. **તરણેતરનો મેળો ક્યારે યોજાય છે ?**

☐ ઑગસ્ટમાં ☐ શ્રાવણી પૂનમે

☐ ભાદરવાની અમાસ ☑ ભાદરવા સુદ ચોથ

૨. **તરણેતરનો મેળો કયા જિલ્લામાં યોજાય છે ?**

☐ અમદાવાદ ☐ જૂનાગઢ

☐ રાજકોટ ☑ સુરેન્દ્રનગર

૩. **એક માન્યતા પ્રમાણે દ્રૌપદીનો સ્વયંવર ક્યાં યોજાયો હતો ?**

☐ થાન ☐ સુરેન્દ્રનગર

☐ કુંડ ☑ તરણેતર

૪. **કુંડમાં કઈ નદી પ્રગટ થાય છે ?**

☐ ભોગાવો ☐ સાબરમતી

☐ નર્મદા ☑ ગંગા

મૂલ્યવર્ધક પ્રશ્ન

ગિરનારની પરિક્રમા વિશે વેબ સપોર્ટથી માહિતી મેળવી માહિતીસભર લેખ લખાવો.

ભાષાજ્ઞાન

૧. **શબ્દ-સમૂહ માટે એક શબ્દ લખો.**

૧. લોકોમાં ચાલતી માન્યતાઓ ....**લોકવાયકા**....

૨. જેમાં સ્ત્રી પોતાનો વર જાતે પસંદ કરે તે ....**લોકસ્વયંવર**......

૩. જૂના સમયથી ચાલ્યા આવતા રીતરિવાજો, સંસ્કૃતિ વગેરે ......**પરંપરા**......

૪. લોકો દ્વારા બનાવેલું સંગીત .....**લોકસંગીત**......

૨. **વિરોધી શબ્દો લખો.**

આળસુ	×	મહેનતુ	જાવક	×	આવક
ઓછું	×	વધારે	સાંજ	×	સવાર
અનિશ્ચિત	×	નિશ્ચિત	પ્રથમ	×	અંતિમ
અલૌકિક	×	લૌકિક	યુવાન	×	વૃદ્ધ
જાહેર	×	ખાનગી			
શત્રુ	×	મિત્ર			